# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## RAJKOT TEN RUPEE COIN

ગ્રાહકો, વેપારીઓ અને બેન્કના કર્મચારીઓને 10 રૂપિયાના સિક્કાને લઈને પડતી મુશ્કેલીના નિવારણ અંગે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અને ખાનગી બેન્કના અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી.

--------------------

## JETHABHAI BHARWAD- NAFED

દિલ્હીમાં નાફેડના ચેરમેન પદે ભાજપના અગ્રણી અને શહેરા વિધાનસભાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે.

આજે દેશના સહકારી ક્ષેત્રમાં મહત્વની ગણાતી નાફેડની દિલ્હીમાં ચૂંટણી યોજાઇ હતી, જેમાં જેઠાભાઇ ભરવાડની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. ગુજરાતના બે સહિત કુલ 21 ડિરોક્ટરો માટે મતદાન થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ઇફ્કોની ડાયરેક્ટર ચૂંટણીમાં સૌરાષ્ટ્રના સરકારી નેતા જયેશ રાદડીયાની જીત થઇ હતી.

.................

## GUJARAT BOARD PURAK PARIKSHA DATE

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહની પૂરક પરીક્ષા માટેની ઑનલાઈન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ એક દિવસ લંબાવીને 23 મે સુધી કરી છે.

ધોરણ 10માં ત્રણ અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં બે વિષયમાં ગેરહાજર કે નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના આવેદન ભરવા માટે આજે છેલ્લો દિવસ છે.

-----------------

# GUJARAT HOMEGUARD HARIYANA

લોકસભા ચૂંટણીના બંદોબસ્ત માટે રાજ્યમાંથી 2 હજાર ગૃહરક્ષક દળના જવાનો અમદાવાદ અને વડોદરાથી હરિયાણા માટે વિશેષ ટ્રેનમાં રવાના થયા છે. હાલમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં હરિયાણા ખાતે ચૂંટણી બંદોબસ્તમાં 2 હજાર ગૃહરક્ષકના દળના જવાનોની માગણી

કરવામાં આવી હતી. આ અંગે રાજ્ય સરકારે મંજૂરી આપતાં કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલની દેખરેખ હેઠળ તમામ તૈયારી શરૂ કરવામાં આવી હતી. તેમ જ આ જવાનોને હરિયાણા મોકલવા વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

----------------

## GUJARAT WEATHER UPDATE

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. છેલ્લા 24 કલાકની વાત કરીએ તો, અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે વડોદરા, વલ્લભ વિદ્યાનગર, સુરેન્દ્રનગર, અમરેલી અને ભાવનગરમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અન્ય જિલ્લામાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી અને તેનાથી ઓછું નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે અમદાવાદમાં તાપમાનનો પારો 45 ડિગ્રી સેલ્સિયસને આંબી જશે. જ્યારે રાત્રે 10 વાગ્યે પણ 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેશે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ પણ આજે રેડ એલર્ટ જાહેર કર્યું છે. અત્યારે મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ વિવિધ વિસ્તારમાં ORSનું વિતરણ કરી રહી છે.

ભાવનગરમાં ગરમીના કારણે વધુ એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે. જ્યારે લૂ લાગતા એક મહિલા સહિત 2 લોકોને હૉસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે.

સાબરકાંઠાના ઈડરમાં પણ ગરમીનો પારો 44 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયો છે.

મહેસાણામાં તાપમાન 43 થી 44 ડિગ્રી નોંધાતા યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી 26મી મે સુધી તાપમાન વધુ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

--------------------

## TAPI - NIMNUK

તાપી જિલ્લાન વાલોડ મહુવાના ધારાસભ્ય મોહન ઢોડિયાની પંજાબની ભટીંડા લોકસભા બેઠકના પ્રચારકની જવાબદારી સોંપી છે.

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા શ્રી ઢોડિયાને પ્રચારક તરીકેની જવાબદારી સોંપાતા તેઓ પંજાબની ભટીંડા લોકસભા બેઠક પર ભાજપના પ્રચાર માટે જશે.

.................

## OKHA NAGARPALIKA

દેવભૂમિ દ્વારકા જિલ્લાની  ઓખા નગરપાલિકાના પ્રમુખપદે રાજુભાઇ કોટક અને ઉપપ્રમુખપદે હાડાભા માણેક ચૂંટાઇ આવ્યા છે.

અમારા દ્વારકા જિલ્લાના પ્રતિનિધિ કરણ જોષીએ એક અહેવાલમાં કહ્યું છે કે ભાજપ શાસિત ઓખા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં ચૂંટણી યોજાઇ હતી. ધારાસભ્ય પબુભા માણેકે ઓખા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખના નામો જાહેર કર્યા છે.

..........

# DIU NARSIMHA JAYANTI UJAVANI

કેન્દ્રશાસિત પ્રદેશ દિવના શ્રીરામ મંદિરમાં ભગવાન શ્રીવિષ્ણુના પાંચમા અવતાર નરસિમ્હા ભગવાનની જયંતિ 200 વર્ષથી પણ વધુ જૂની પરંપરાગત રીતે ઉજવવામાં આવી હતી. અહીં નરસિમ્હા ભગવાન અને હિરણ્યકશ્યપના અવતરણનું નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

.................................